**(૧)** આ કામમાં પોલીસ ધ્વારા આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.કલમ–૨૨૩ તથા જી.પી.એકટની કલમ–૧૩૧ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો બી.અને.એસ.એસ. કલમ–૨૩૦ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી તર્ફે સ્પે. સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓએ સ્પે.સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

**(૨)** સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ ગુના બદલ પસ્તાવો કરે છે અને કુટુંબકબીલા વાળા છે અને તેમના કુટુંબના ભરણપોષણનો આધાર તેમના ઉપર છે તેમ જણાવે છે, તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

**(૩)** આ કેસની તમામ હકીકત, સંજોગો તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂં છું.

## "હુકમ"

– બી.અને.એસ.એસ.ની કલમ–૨૭૫ મુજબ આરોપીને બી.એન.એસ. કલમ–૨૨૩ તથા જી.પી.એકટની કલમ–૧૩૧ મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી સંયુકત રીતે રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો સો પુરા) દંડ ભરવાનો તથા કોર્ટ ઉઠતાં સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૦૮/૦૩/૨૦૨૫
અમદાવાદ શહેર.

**(પી.બી.નાયક)**
ત્રીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં:૩, અમદાવાદ શહેર.
કોડ નં. જીજે૦૦૮૭૪.